હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અને

## વિશ્વમંગલમ્ શારદાગ્રામ, હિંમતનગર

સંચાલિત

# મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરી

## હિંમતનગર


ફોન નં. : ૦૨૭૭૨ - ૨૪૪૬૨૨, ૯૯૨૫૫૩૧૭૦૭

E-mail : mahilaartscollege@rediff.com |Website : www.vidhyanagari.org



## COLLEGE PROSPECTUS

### VISION દ્રષ્ટિ

* આ વિસ્તારની વિદ્યાર્થીનીઓને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહિત કરી સમૃધ્ધ શિક્ષણ આપવું.
* સ્ત્રીઓનો શૈક્ષણિક વિકાસ કરી સામાજિક, રાષ્ટ્રીય અને આર્થિક સ્તરે શ્રેષ્ઠ પ્રદાન કરે તે માટે સક્ષમ બનાવવી.
* શિક્ષણનું સ્તર અને ગુણવત્તા ઉત્તરોત્તર વધારવી.

### MISSION ધ્યેય - ઉદ્દેશ્ય

* મહત્તમ વિદ્યાર્થીનીઓને ઉચ્ચ શિક્ષણ મળે તે માટે પ્રેરણા પુરી પાડવી.
* અભ્યાસિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીનીઓમાં સંસ્કાર સિંચન દ્વારા સર્વાંગી વિકાસ સાધવો.
* વિદ્યાર્થીનીઓના સામાજિક, રાષ્ટ્રીય અને આર્થિક વિકાસ માટે કાર્યક્રમોનું આયોજન કરવું.




**ડૉ. કે. એલ. પટેલ**
**આચાર્ય**
મહિલા આર્ટ્સ કોલેજ
વિદ્યાનગરી, હિંમતનગર, જિ.સા.કાં.

**શ્રી ડી.એલ.પટેલ**
**પ્રમુખ**
વિશ્વમંગલમ્ શારદાગ્રામ, હિંમતનગર.

Scanned with CamScanner

૨૦૧૪-૧૫

## મહિલા આર્ટ્સ કોલેજનો પરિચય....

### કોલેજમાં શીખવાતા વિષયો :

- ⊕ **ફરજિયાત વિષય** : સંસ્કૃત / અંગ્રેજી
- ⊕ **મુખ્ય વિષય** : ગુજરાતી / હિન્દી / સંસ્કૃત
- ⊕ **પ્રથમ ગૌણ** : ગુજરાતી / હિન્દી / સંસ્કૃત / મનોવિજ્ઞાન
- ⊕ **દ્વિતીય ગૌણ** : ગુજરાતી / હિન્દી / સંસ્કૃત / મનોવિજ્ઞાન

### કોલેજના નિયમો :

- કોલેજનો સમય સવારે ૭-૩૦ થી ૧૨-૩૦ નો રહેશે.
- વિદ્યાર્થીનીએ નિયમિત હાજરી સાથો-સાથ સમયાન્તરે અધ્યાપક ના નિર્દેશાનુસાર બુક રીવ્યુ, ટર્મ-પેપર તેમજ લેખિત ટેસ્ટ આપવાના રહેશે.
- સંસ્થાના વિકાસ અંગેના તથા કર્મચારી તેમજ સંસ્થા અંગેના સૂચનો સૂચન પેટીમાં નાંખવાના રહેશે.
- ગ્રંથાલયમાંથી ઉપલબ્ધ થતા પુસ્તકો સમયસર જમા કરાવવાના રહેશે તેમજ તેની જાળવણી કરવાની રહેશે.
- પ્રથમ અને દ્વિતીય કસોટી ફરજિયાત રહેશે.
- વાલી સંમેલનમાં વાલીએ ઉપસ્થિત રહેવુ પડશે.
- કોલેજની સૂચના અનુસાર સામાજિક ઉત્થાનના કાર્યક્રમમાં જોડાવવું પડશે.
- રમત-ગમત, N.S.S. કે સાંસ્કૃતિક, સામાજિક પ્રવૃત્તિઓ પૈકી કોઇપણ એક પ્રવૃત્તિ માં જોડાવવાનું રહેશે.
- કોમ્પ્યુટરનો પુરે-પુરો લાભ લેવાનો રહેશે.
- ઓળખપત્ર સાથે રાખવું ફરજિયાત રહેશે.
- સંસ્થાની સંપત્તિનું જતન કરવું.
- સંસ્થાના તેમજ યુનિ.ના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું.

**મંડળ દ્વારા આયોજિત પ્રવૃત્તિઓ**

- ચિંતન શિબિર
- સંસ્કારોત્સવ - વાર્ષિકોત્સવ
- ડી.એલ.પટેલ જ્ઞાનસત્ર

### સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

**રમત-ગમત પ્રવૃત્તિ :-** કોલેજમાં રમત-ગમત ક્ષેત્રને અનુલક્ષીને પ્રા. આર. એમ. પટેલ (પી.ટી.આઇ)ની રાહબરી હેઠળ વૉલીબોલ, ખો-ખો, કબડ્ડી, આર્ચરી, યોગના વર્ગો, એથ્લેટીક્સની વિવિધ રમતોના કાર્યક્રમોનું નિયમિત પણે આયોજન દ્વારા વિદ્યાર્થીનીઓને તૈયાર કરી યુનિ. અને આંતર યુનિવર્સિટીની સ્પર્ધાઓમાં મોકલવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીનીઓના ઉમદા દેખાવથી સંસ્થા રનર્સઅપ થયેલ છે. તેમજ રાષ્ટ્રીય ક્ષેત્રે ખેલાડીઓની પસંદગીનો અવકાશ રહે છે. જે સંસ્થા ને ગૌરવ અપાવે છે. તેમજ વિદ્યાસંકુલનુ ખેલકૂદ મેદાન રમતવીર વિદ્યાર્થીનીઓ માટે ઉપકારક બની રહે છે.

**સાંસ્કૃતિક પ્રવૃત્તિ :** વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ માટે સંસ્થા દ્વારા નાટક, એકપાત્રીય અભિનય, વકતૃત્વ, ગીત-સંગીત, નિબંધ, પ્રશ્નમંચ, મહેંદી, રંગોલી, રાસ-ગરબા, સામાજિક ધાર્મિક અને રાષ્ટ્રિય પર્વોની ઉજવણી નિયમીત પણે કરવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીનીઓ તાલુકા, જિલ્લા અને યુનિવર્સિટીના યુવક-મહોત્સવમાં અગ્રેસર દેખાવ કરી સંસ્થાને ગૌરવ અપાવે છે.

**એન.એસ.એસ. પ્રવૃત્તિ :** સંસ્થાની શરૂઆતથીજ એન. એસ. એસ. ના બે યુનીટો દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં દર વર્ષે વાર્ષિક શિબિરની સાથોસાથ જનજાગૃતિ અને સેવાના આશયથી વિકાસોન્મુખ ગામોને દત્તક લઇ એમાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે બ્લડ ડોનેશન, મફત ચશ્મા કેમ્પ, પશુ ચિકિત્સા કેમ્પ,

Scanned with CamScanner

ગ્રામ-સફાઇ, બાળ તંદુરસ્તી હરિફાઇ, સ્ત્રી રોગ માર્ગદર્શન, કૃષિ-માર્ગદર્શન, શોષખાડા, પૂર પીડિત-સુનામી પીડિત માટે રાહત ફાળો, અંધજન મંડળ માટે ફાળો, ઉર્જા બચાવો માટે રેલી, બેટી-બચાવો માટે રેલી, સર્વ શિક્ષણ અભિયાન, પ્રૌઢ શિક્ષણ, ભીત સૂત્રો, વૃક્ષારોપણ, ગ્લોબલ વોર્મિંગ માટે માર્ગદર્શન જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવી યુવાધનને રચનાત્મક માર્ગે વાળવામાં આવે છે.

**સાહિત્યિક પ્રવૃત્તિ :** સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના ભાગરૂપે કોલેજમાં કાવ્ય લેખન, પાદપૂર્તિ, કાવ્ય પઠન નિબંધ લેખન, સુવાક્યો તેમજ મૌલિક કૃતિઓ નુ સર્જન કરાવવામાં આવે છે જેમાં થી શ્રેષ્ઠ કૃતિઓને કોલેજના સાહિત્યિક કોર્નર ડગલુંમાં પ્રદર્શિત કરવામાં આવે છે. તેમજ વિવિધ સાહિત્યકારોની તિથિઓને ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. પ્રેરક સાહિત્યકારોના ચિત્રો દોરી વિદ્યાર્થીનીઓ ''ડગલુ''માં મુકે છે.

**બુક બેંક યોજના :** કોલેજની જરૂરીયાતમંદ વિદ્યાર્થીનીઓને અભ્યાસની સરળતા ખાતર પુસ્તકાલય દાતાશ્રીઓ તેમજ અધ્યાપકો ના સહયોગથી વિદ્યાર્થીનીઓ માટે બુક બેન્ક યોજના કાર્યરત છે.

**કોમ્પ્યુટર - શિક્ષણ :** વર્તમાન સમયની માંગને પહોંચી વળવા માટે સંસ્થામાં સમૃધ્ધ કોમ્પ્યુટર લેબ કાર્યરત છે જેનો બહોળા પ્રમાણમાં લાભ વિદ્યાર્થીનીઓ લે છે.

**સલાહ - માર્ગદર્શન કેન્દ્ર :** વિદ્યાર્થીનીઓના સામાજિક, માનસિક, વ્યાવહારીક અને શિક્ષણ અંગેની મુંઝવણોના નિરાકરણ માટે સંસ્થા દ્વારા 'સલાહ-માર્ગદર્શન કેન્દ્ર' ચાલે છે. જે વિદ્યાર્થીનીઓની સમસ્યાઓ હલ કરવામાં સહાયક બને છે.

**વિદ્યાર્થીની પ્રતિનિધિ પસંદગી :** વિદ્યાર્થીનીઓમાં નેતૃત્વના ગુણોનો વિકાસ થાય તે હેતુથી દર વર્ષે શૈક્ષણિક યોગ્યતા તેમજ નેતૃત્વના ગુણોને ધ્યાનમાં લઇ દરેક વર્ગ અને વિષય પ્રમાણે પ્રતિનિધિઓની નિમણૂક કરવામાં આવે છે. આ પ્રતિનિધિઓની મીટીંગ મળે છે તેમાં નક્કી થયા પ્રમાણેના ઉત્સવ-ઉજવણીના કાર્યક્રમો ઉજવવામાં આવે છે. આ પ્રસંગોમાં વિદ્યાર્થીનીઓનું પ્રતિનિધિત્વ નોંધનીય બની રહે છે.

**ભૂતપૂર્વ વિદ્યાર્થીની સંગઠન :** કોલેજમાંઅભ્યાસ પૂર્ણ કરી વ્યવસાય તેમજ સમાજમાં સ્થિર થયેલ વિદ્યાર્થીનીઓનું પારીવારિક ભાવનાથી સંલગ્ન એવું ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું સંગઠન કાર્યરત છે. જેઓનુ સ્નેહ મિલન તેમજ વિવિધ કાર્યક્રમો દ્વારા વર્તમાન વિદ્યાર્થીનીઓને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે.

**વ્યવસાયિક માર્ગદર્શન :** વિદ્યાર્થીનીઓના વ્યવસાયિક માર્ગદર્શન હેતુ સર ''વ્યવસાયિક માર્ગદર્શન કોર્નર'' ચલાવવામાં આવે છે જેમાં રોજગારીની વિવિધ તકો વિશેની જાહેરાતો ના કટીંગ્સ દ્વારા માહિતગાર કરવામાં આવે છે. વધુ અભ્યાસ કે પરદેશ જવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે તકો અંગેની માહિતી પુરી પાડવામાં આવે છે. કારકિર્દી માર્ગદર્શન અંતર્ગત શિબિરો અને વ્યાખ્યાનોનું આયોજન પણ કરવામાં આવે છે.

**પિકનીક - પ્રવાસનું આયોજન :** વિદ્યાર્થીઓમાં પ્રવાસન ધામોનું મહાત્મ્ય ઉજાગર થાય તે માટે પિકનીક અને પ્રવાસનું આયોજન દરવર્ષે કરવામાં આવે છે. જેમાં સાહિત્યિક સંસ્થાઓ સંશોધન કેન્દ્રો, ઐતિહાસિક સ્થળો તેમજ સંસ્કૃતિ અને પ્રકૃતિને ઉજાગર કરતા વિવિધ સ્થળોની મુલાકાત ગોઠવવામાં આવે છે.

**આધ્યાત્મિક પ્રવૃત્તિ :** જીવનમાં શિક્ષણની સાથો-સાથ કોલેજના શિક્ષણનો પ્રારંભ પ્રાર્થના અને યોગથી થાય છે. કોલેજના ઓડીટોરીયમમાં તમામ વિદ્યાર્થીનીઓ મંગલ પ્રભાતે એકત્રિત થઇ મા સરસ્વતીની આરાધના થી કેમ્પસને ગુંજતુ કરે છે.આની સાથે સોનામાં સુગંધ ભળે તેમ ભળે છે યોગની પ્રવૃત્તિ... પ્રાર્થના સભા દરમિયાન વિદ્યાર્થીનીના જન્મ દિવસ નિમીત્તે શુભકામનાઓ પાઠવી એક શુભ સંકલ્પ લેવડાવવામાં આવે છે.

Scanned with CamScanner

**આર્થિક - નબળા વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન :** કોલેજમાં આર્થિક રીતે નબળી તેમજ અન્ય કોઇ લાભ ન લેતી વિદ્યાર્થીનીઓને સહાય કરી કન્યા કેળવણીની પ્રવૃત્તિને વેગ આપવામાં આવે છે.

**વિવિધ-ડેની ઉજવણી :** વર્ષ દરમિયાન શિસ્ત બધ્ધ રીતે સંસ્કારને પોષક વિવિધ - ડેની ઉજવણી થકી સમગ્ર કેમ્પસને વિદ્યોત્તેજક બનાવવામાં આવે છે.

**પરીક્ષા પધ્ધતિ :** યુનિવર્સિટીના નિયમોનુસાર અભ્યાસ ક્રમને અનુરૂપ પરીક્ષા લેવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીએ ઉત્તીર્ણ થવુ ફરજીયાત છે.

**કોલેજ ફી :** સરકારશ્રીના નિયમો મુજબ વિદ્યાર્થીનીઓની શિક્ષણ ફી માફ છે. યુનિવર્સિટીના નિયમોનુંસાર અન્ય ફી વિદ્યાર્થીનીઓએ ભરવાની થાય છે જેમાં બક્ષી, એસ.ટી, એસ.સી, પી.એચ.ને સરકારશ્રી તરફથી શિષ્યવૃત્તિનો પુરેપુરો લાભ મળવા પાત્ર થાય છે.

**હેલ્થકેર સેન્ટર :** વિદ્યાર્થીનીઓ પોતાની તંદુરસ્તી અને આરોગ્ય પ્રત્યે જાગૃત થાય તેમજ સમાજમાં પણ તેનો ફેલાવો કરે સાથો સાથ આકસ્મિક સંજોગોમાં તાત્કાલિક સારવાર મળી રહે તેવા હેતુ સર હેલ્થકેર સેન્ટર પણ ચલાવવામાં આવે છે.

**સ્ટાર બેચ :** વિદ્યાર્થીનીઓ પરીક્ષાઓમાં ઉત્તમ દેખાવ કરી શકે એવા ઉમદા હેતુસર તેજસ્વી વિદ્યાર્થીનીઓને અલગ તારવી સ્ટાર બેચમાં તેમને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવે છે.

**સુવિધાઓ :**

**સમૃધ્ધ સુસજ્જ પુસ્તકાલય :** વાંચનવૃત્તિને સમૃધ્ધ બનાવવાના ઉમદા હેતુસર સંસ્થાનું પુરસ્તકાલય જ્ઞાન પીપાસુઓની વાંચનતૃષાને પરિતૃપ્ત કરે છે. પુસ્તકાલયમાં સંદર્ભગ્રંથો, અદભૂત ડિક્ષનરીઓ, જર્નલ્સ મેગેઝીન તેમજ વિવિધ વિષયોના છ હજાર થી વધારે પુસ્તકોથી પુસ્તકાલય ભર્યુ-ભર્યુ છે.

**કોલેજ - હોસ્ટેલ - કેન્ટીન :** કોલેજ કેમ્પસમાં જ જરૂરિયાતમંદ વિદ્યાર્થીનીઓને ઉપયોગી થવાના હેતુસર હોસ્ટેલની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ અલ્પાહાર તેમજ ભોજન માટે ભોજનાલય તેમજ કેન્ટીનમાં શુધ્ધ સાત્વિક આહાર સાથે સમગ્ર બહેનો માટે મીનરલ પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**અધતન મલ્ટી મીડીયા હોલ :** ઉત્તર ગુ.યુનિ. માં આંગળીના વેઢે ગણી શકાય એટલીજ કોલેજો મલ્ટી મીડીયા હોલ ધરાવે છે. એમાંની મહિલા આર્ટ્સ કોલેજ પાસે અત્યાનુધિક ઇલેક્ટ્રોનીકસ ઉપકરણોથી સજ્જ એવો અધતન મલ્ટી મીડીયા હોલ આવેલ છે. જેમાં અભ્યાસક્રમના પાઠ્યપુસ્તક ઉપર તૈયાર થયેલ ફીલ્મો દસ્તાવેજી ફિલ્મો કેળવણી વિષયક કે સાંસ્કૃતિક મૂલ્ય વર્ધક ફિલ્મો સ્લાઇડ શો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

**સભાગૃહ :** શૈક્ષણિક હેતુસરના વિવિધ વિદ્વાનોના વ્યાખ્યાનો, શિબિરો, મીટીંગો, સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન માટે સભાગૃહ ઉપલબ્ધ છે.

**સુચારુ પાર્કિંગ વ્યવસ્થા :** અભ્યાસરત વિદ્યાર્થીનીઓના વાહનની સુરક્ષિત અને સુચારુ પાર્કિંગ વ્યવસ્થા વિદ્યા સંકુલમાં ઉપલબ્ધ છે.

**કુદરતના સાનિધ્યમાં કોલેજ કેમ્પસ :** શિક્ષણને પોષક, પ્રદૂષણ મુક્ત અને પ્રકૃત્તિના ભર્યા ભર્યા વાતાવરણ અને બાગ બગીચાઓથી ભરપૂર નયન રમ્ય વાતાવરણમાં હાથમતી નદીના કિનારે વિદ્યાનગરી કેમ્પસમાં મહિલા આર્ટ્સ કોલેજનું શૈક્ષણિક સંકુલ શહેરનું મોટુ આકર્ષણ છે.

**અન્ય સુવિધાઓ :** કોલેજ કેમ્પસમાં બગીચો, મંદીર, સ્કેટીંગ ગ્રાઉન્ડ, સ્વીમીંગપુલ, રાઇફલ શુટીંગ માટે રેન્જ, સીક્યુરીટી ગાર્ડ, બાસ્કેટબોલ ગ્રાઉન્ડ અન્ય રમતોના સાધનો જેવી અધ્યતન સુવિધાઓ થી સજ્જ કેમ્પસમાં આ વિસ્તારની દિકરીઓ નિર્ભય પણે ઉચ્ચ શિક્ષણના સંસ્કારો મેળવી પોતાના જીવન પંથને ઉજ્જવળ બનાવી રહી છે.

Scanned with CamScanner

# કોલેજ પરિવાર

| ક્રમ | કર્મચારીનું નામ | શૈક્ષણિક લાયકાત | હોદ્દો | વિષય | સંસ્થામાં જોડાયા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ડૉ. કે.એલ.પટેલ | M.A.,Ph.D. NET | પ્રિન્સીપાલ | ગુજરાતી | ૦૫-૧૧-૨૦૦૪ |
| ૨ | ડૉ. આર.જે.જોષી | M.A., B.ed. Ph.D. | હેડ ઓફ ડીપા. | સંસ્કૃત | ૦૧-૦૭-૧૯૯૪ |
| ૩ | પ્રા. વી.જી.પટેલ | M.A., B.ed. | હેડ ઓફ ડીપા. | હિન્દી | ૦૧-૦૭-૧૯૯૪ |
| ૪ | ડૉ. કે.વી.ગાંવિત | M.A., Ph.D. | હેડ ઓફ ડીપા. | ગુજરાતી | ૦૧-૦૭-૧૯૯૪ |
| ૫ | પ્રા. આર.એમ.પટેલ | B.A., M.P.ed. | પી.ટી.આઇ. | શા.શિ. | ૧૨-૦૭-૧૯૯૪ |
| ૬ | પ્રા. બી.એલ.પટેલ | M.A. | હેડ ઓફ ડીપા. | અંગ્રેજી | ૦૧-૦૧-૧૯૯૬ |
| ૭ | પ્રા. વાય.એચ.પટેલ | M.A.,B.ed. | હેડ ઓફ ડીપા. | મનોવિજ્ઞાન | ૧૬-૦૨-૧૯૯૬ |
| ૮ | પ્રા. આર.બી.પટેલ | M.A.,B.ed. | લેક્ચરર | સંસ્કૃત | ૨૮-૧૧-૧૯૯૬ |
| ૯ | ડૉ. એ.એસ.પટેલ | M.A., Ph.D. | લેક્ચરર | ગુજરાતી | ૨૮-૧૧-૧૯૯૬ |
| ૧૦ | પ્રા. બી.એફ.દેસાઇ | M.A.,M.Phil | લેક્ચરર | હિન્દી | ૨૮-૧૧-૧૯૯૬ |
| ૧૧ | પ્રા. પી.એચ.પટેલ | M.A. | લેક્ચરર | હિન્દી | ૨૮-૧૧-૧૯૯૬ |
| ૧૨ | પ્રા. ડી.કે.ભોયા | M.A., NET | લેક્ચરર | ગુજરાતી | ૨૯-૧૧-૧૯૯૬ |
| ૧૩ | ડૉ. એ.વી.દેસાઇ | M.A.,Ph.D., NET | લેક્ચરર | સંસ્કૃત | ૧૪-૦૨-૨૦૦૮ |

## વહિવટી સ્ટાફ


| ક્રમ | કર્મચારીનું નામ | શૈક્ષણિક લાયકાત | હોદ્દો | સંસ્થામાં જોડાયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી બી. એમ. ગોસ્વામી | M.A.,M.Lib. | લાયબ્રેરીયન | ૦૪-૧૦-૧૯૯૫ |
| ૨ | શ્રી એમ. ડી. પટેલ | B.A., B.ed. | હેડકલાર્ક | ૦૧-૦૮-૧૯૯૬ |
| ૩ | શ્રી જે. બી. પટેલ | B.Com | એકાઉન્ટન્ટ | ૦૧-૦૭-૧૯૯૪ |
| ૪ | શ્રી પી. જી. પટેલ | B.A. | જુનિ.કલાર્ક | ૦૪-૦૭-૧૯૯૪ |
| ૫ | શ્રી બી. કે. ફનાત | H.S.C. | પ્યુન | ૦૪-૦૭-૧૯૯૪ |
| ૬ | શ્રી ડી. એસ. ઠાકોર | S.S.C. | પ્યુન | ૦૧-૦૧-૧૯૯૬ |
| ૭ | શ્રી બી. આર. સોલંકી | 9th | સ્વીપર | ૦૪-૦૧-૧૯૯૬ |
| ૮ | શ્રી બી. એલ. પટેલ | S.S.C. | વૉચમેન | ૦૨-૦૪-૧૯૯૬ |

Scanned with CamScanner

# Our Activities



Openning Ceremoney of
Shri D.L.Patel Gyan Shtra.
Speaker Dr. Gunvant Shah



Opening of Touch the Light Centre




Computer Training Programme



Runners up Team of Volley Ball



Annual Day Cultural Programme



Tree Plantation by N.S.S. Unit

Scanned with CamScanner